# COVID-19 ના કારણે લૉકડાઉન સમયગાળા દિરમયાન ખેડુતો અને ખેતીક્ષેત્ર માટે માર્ગદર્શિકા
## (ભારત સરકાર દ્વારા નિદિર્શત માર્ગદર્શિકા)

### લૉકડાઉનમાંથી મુક્ત રાખવામાં આવેલ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ*

- પશુ ચિકિત્સાલયો
- એમએસપી (મિનિમમ સપોર્ટ પ્રાઇઝ) કામગીરી સહિતની કૃષિ ઉત્પાદનોની ખરીદીમાં રોકાયેલ એજન્સીઓ
- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા સંચાલિત અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચિત ‘મંડીઓ’
- ખેતરમાં ખેડુતો અને ખેત કામદારો / મજૂરો દ્વારા થતી ખેત કામગીરી
- ફાર્મ મશીનરી સંબંધિત કસ્ટમ હાયરિંગ સેન્ટર્સ (સીએચસી)
- vi.ખાતર, જંતુનાશકો અને બીજના ઉત્પાદન અને પેકેજિંગ એકમો
- કૃષિ અને બાગાયતના કાપણી અને વાવણી સંબંધિત કમ્બાઇંડ હાર્વેસ્ટર તથા અન્ય મશીનો / સાધનોની રાજ્ય તથા આંતર-રાજ્ય અવર-જવર

ઉપરોક્ત મુક્તિ આવશ્યક પુરવઠો સુનિશ્ચિત થાય તે હેતુથી કૃષિ અને ખેતીને લગતી પ્રવૃત્તિઓ કોઈ પણ અવરોધ વિના ચાલુ રહે અને ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે મદદરૂપ થશે. લૉકડાઉન દરમિયાન અમલીકરણ માટે સંબંધિત મંત્રાલયો / રાજ્યના વિભાગો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરી દિશા નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

* (કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર ની વિનંતી ના આધારે ગૃહ મંત્રાલય, ભારત સરકારની માર્ગદર્શિકા No.40-3/2020-DM-I(A) dated 24th, 25th and 27th March 2020 ની કલમ ૨, ૪, ૫ અને ૬ ના અપવાદ ના ઉમેરા સાથે)

ભારત સરકારના નીતિ નિર્દેશોના આધારે વિવિધ મંત્રાલયો / રાજ્ય સરકારોના વિભાગોએ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે અમલીકરણ માર્ગદર્શિકા જારી કરેલ છે.

## ખેડુતો માટે સલાહ

### પાકની કાપણી અને લણણી

COVID-19 ફેલાવાના ભય વચ્ચે, રવી પાકો પરિપક્વતાની નજીક આવી રહ્યા છે. કૃષિ કાર્યો ની સમય સીમા જાળવવી જરૂરી હોવાથી પાકોની કાપણી તથા તે ઉત્પાદનોને બજારમાં પહોચાડવા સુધીના તમામ કાર્યો સમયસર થાય તે અનિવાર્ય છે. આમ છતાં, ખેડુતોએ આ રોગના ફેલાવાને રોકવા માટે લેવામાં આવતી

સાવચેતી અને સલામતીનાં પગલાઓનું પાલન કરવું જરૂરી છે .સરળ પગલાંમાં સામાજિક અંતર, સાબુથી હાથ ધોવા, વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી, ચહેરા પર માસ્ક પહેરવો, રક્ષણાત્મક વસ્ત્રો પહેરવા તથા સાધનો અને મશીનરીની સફાઇ અગત્યના છે. ખેત કામગીરીની સંપૂર્ણ પ્રક્રિયામાં પ્રત્યેક પળે કાર્યકરો સલામતીનાં પગલાં અને સામાજિક અંતરનું પાલન કરે તે ખૂબ જરૂરી છે.

- ઉત્તરના ઘણા રાજ્યોમાં ઘઉંની લણણી કંબાઈન્ડ હાર્વેસ્ટર (સંયુક્ત લણણી કરનાર મશીન) દ્વારા થઈ રહી છે અને તેમની રાજ્યની અંદર અને આંતર રાજ્ય અવર-જવરને મંજૂરી આપવામાં આવી છે. સમારકામ, જાળવણી અને લણણી કામગીરીમાં રોકાયેલા કામદારોની સલામતી અને સાવચેતીનાં પગલાં લેવાની તકેદારી અવશ્ય રાખવી.
- રાઈ (રાયડો / સરસવ) બીજો મહત્વનો રવિ પાક છે. તેની ખેત મજૂરો દ્વારા કાપણીચાલી રહી છે તથા જ્યાં કાપણી થઈ ગઈ છે ત્યાં લણણી / થ્રેશિંગ થવાનું છે.
- મસૂર, મકાઇ અને મરચાંની ખેતી ચાલુ છે અને ચણાનો પાક ઝડપથી પરિપક્વ થઈ રહ્યો છે.
- શેરડીની કાપણી ટોચ પર છે અને ઉત્તરના રાજ્યોમાં ખેત મજૂરો દ્વારા જાતે વાવેતર માટેનો પણ આ સમય છે.
- ખેતી પાકો, ફળો, શાકભાજી ની કાપણી/ લણણી તથા મરઘાં પાલન (ઇંડા) અને માછલી પાલન (માછીમારી) જેવા કાર્યોમાં રોકાયેલ તમામ કાર્યકરો કામની શરૂઆત, કામ દરમ્યાન તથા કાર્ય પુર્ણ થયા બાદ વ્યક્તિગત સ્વચ્છતા અને સામાજિક અંતરની તકેદારી અવશ્ય લે તે જરૂરી છે.
- ખેત મજૂરો દ્વારા જાતે કરવામાં આવતા કાપણી અને લણણી જેવા કર્યો માટે ૪ થી ૫ ફૂટનું અંતર રહે તેવી રીતે રેખાઓ દોરીને દરેક કાર્યકર / ખેત મજૂરને વ્યક્તિગત રેખાઓમાં રહી કાર્ય કરવું. આવી રીતે કાર્ય કરનાર મજૂરો / કાર્યકરો વચ્ચે યોગ્ય વ્યક્તિગત અંતર સુનિશ્ચિત કરી શકાશે.
- કાર્યમાં રોકાયેલા તમામ વ્યક્તિઓએ માસ્કનો ઉપયોગ કરવો જોઈએ અને યોગ્ય સમયાંતરે સાબુથી હાથ ધોવાનું સુનિશ્ચિત કરવું જોઈએ.
- કાર્ય દરમ્યાન આરામ કરતાં, ભોજન કરતાં, ખેત ઉત્પાદનના સ્થળાંતર તથા તે માટે ભરતા / ઉતારતા (લોડીંગ / અનલોડીંગ) સમયે વ્યક્તિગત ત્રણ (૩) થી ચાર (૪) ફૂટનું અંતર જાળવવું જરૂરી છે.
- જો શક્ય હોય તો ખેત કાર્યોને નાના નાના સમયાંતરે કરવા અને એકે જ દિવસે વધુ સંખ્યામાં વ્યક્તિઓને રોકવાનું ટાળવું.
- ખેત કાર્યો દરમિયાન કોઈ શંકાસ્પદ અથવા સંભવિત વાહકના પ્રવેશને ટાળવા માટે શક્ય ત્યાં સુધી વાજબી તપાસ પછી ફક્ત પરિચિત વ્યક્તિઓને જ કાર્યો માટે રોકવા.
- જ્યાં શક્ય હોય ત્યાં મેન્યુઅલ કરતાં યાંત્રિક કામગીરીને વધુ પસંદ કરો. ફક્ત જરૂરી સંખ્યામાં જ વ્યક્તિઓને મશીનથી કામ કરવા માટે મંજૂરી આપો.

- મશીનને ખેતર પર લાવતા સાથે જ ઉપયોગમાં લેતા પહેલા તથા નિયમિત સમયાંતરે સફાઈ કરી જંતુરહિત કરવા જોઈએ. તમામ પરિવહન વાહનો, શણના કોથળા અથવા અન્ય પેકેજિંગ સામગ્રીને પણ સ્વચ્છ / જંતુરહિત કરવી જોઈએ.
- લણણી કરેલ ખેત ઉત્પાદનોને 3 – 4 ફૂટના અંતરે નાના ઢગલાઓમાં ભેગું કરવું અને ભીડને ટાળવા ખેત કક્ષાએ તેના પ્રોસેસિંગ માટે 1 થી 2 વ્યક્તિ/ ઢગલા પ્રમાણે કાર્ય સોંપવું.
- લણણી કરેલ મકાઈ અને મગફળી માટે થ્રેશર્સની યોગ્ય સ્વચ્છતા અને સફાઇ જાળવી રાખવી, ખાસ કરીને જ્યારે ખેડૂત જૂથો દ્વારા મશીનો શેર અને તેનો ઉપયોગ કરવામાં આવે છે. વારંવાર સ્પર્શ થનારા મશીનના ભાગોને સાબુથી ધોવાની સલાહ આપવામાં આવે છે.
- ખાસ કરીને જ્યારે ખેડૂત જૂથો દ્વારા મશીનો આપ-લે કરવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે લણણી કરેલ મકાઈ અને મગફળી માટે વપરાતા થ્રેશર્સની યોગ્ય સ્વચ્છતા અને સફાઇ જાળવી રાખવી. મશીનના દરેક ભાગોને વારંવાર સાબુથી સ્વચ્છ કરવા સલાહભર્યું છે.

## લણણી બાદ, ખેત ઉત્પાદન સંગ્રહ અને ખેત પેદાશોનું માર્કેટિંગ

- ખેત કક્ષાએ સૂકવણી, થ્રેશિંગ, સફાઈ, ગ્રેડિંગ અને પેકેજીંગ જેવી તમામ કામગીરી કરતી વખતે, રક્ષણાત્મક માસ્ક ચહેરા પર પહેરવાથી એરોસોલ્સ અને ધૂળના કણો દ્વારા થતી શ્વસનની મુશ્કેલીઓને રોકવા માટે મદદ મળી શકે છે.
- ખેતરમાં / ઘરમાં લણાયેલા અનાજ, બાજરી, કઠોળનો સંગ્રહ કરતા પહેલા યોગ્ય સૂકવણીની ખાતરી કરો અને જંતુના ઉપદ્રવને રોકવા માટે પાછલી ઋતુમાં વપરાયેલ શણના કોથળાંનો ફરીથી ઉપયોગ ન કરો. લીમડાના 5 % દ્રાવણમાં પલાળીને સુકાવેલ શણના કોથળાંનો ઉપયોગ કરો.
- ખેત પેદાશોના વધુ સારા ભાવ મેળવવા માટે ખેડુતોએ ખેતર પર પેદાશોને સંગ્રહવા માટે શણના કોથળાંનો ઉપયોગ કરવામાં પૂરતી કાળજી લેવી. પૂરતી સંખ્યામાં શણના કોથળાં નજીકના કોલ્ડ સ્ટોરેજ / ગોડાઉન / વેરહાઉસોમાં ઉપલબ્ધ છે.
- ખેત પેદાશોના લોડિંગ અને પરિવહન માટે અને માર્કેટ યાર્ડ્સ / હરાજી પ્લેટફોર્મ પર વેચાણમાં ભાગ લેતી વખતે વ્યક્તિગત સલામતીના પૂરતા પગલા લેવા.
- બીજ ઉત્પાદક ખેડૂતોને સહાયક દસ્તાવેજો સાથે બીજ કંપનીઓમાં પરિવહન કરવાની મંજૂરી છે. ચુકવણી પ્રાપ્ત કરતી વખતે સાવચેતીનું પાલન કરવું.
- બીજ પ્રોસેસિંગ / પેકેજિંગ અને બીજ ઉત્પાદક રાજ્યોથી બીજ ઉગાડતા રાજ્યો (દક્ષિણથી ઉત્તર) સુધી બીજનું પરિવહન ખરીફ ઋતુના પાકોનું વાવેતર સુનિશ્ચિત કરવા માટે ખૂબ જરૂરી છે. દા.ત. ઉત્તરના રાજ્યોમાં એપ્રિલમાં વાવણી માટે લીલા ઘાસચારાનું એસએસજી બીજ દક્ષિણના રાજ્યોમાંથી આવે છે
- ટામેટાં, કોબીજ, લીલા પાંદડાવાળા શાકભાજી, કાકડીઓ અને ખેતરોના અન્ય કાકડી જેવા શાકભાજીના સીધા માર્કેટિંગ / સપ્લાય માટે સાવચેતી રાખવી.

## ખેતરમાં ઉભેલા (સ્થાયી) ક્ષેત્ર પાક

- ઘઉં ઉગાડનારા મોટાભાગના વિસ્તારોમાં તાપમાન હજી પણ લાંબા ગાળાના સરેરાશથી નીચુ છે અને ઘઉંના પાકની કાપણીને 10 એપ્રિલ પછી પણ ઓછામાં ઓછા 10-15 દિવસ વિલંબ થવાની સંભાવના છે, તેથી, ખેડુતો કોઈ નોંધપાત્ર નુકસાન કર્યા વિના ઘઉના પાકની કાપણી 20 એપ્રિલ સુધી લંબાવી શકે છે. આથી,  ખરીદી અને તારીખોની ઘોષણા માટે તથા લોજિસ્ટિક્સ મેનેજ કરવા માટે પૂરતો સમય મળી રહેશે.
- દક્ષિણના રાજ્યોમાં રવિ ઋતુના ડાંગરના પાકમાં દાણા ભરાવાના પાકના તબક્કે ડાંગરમાં નેક બ્લાસ્ટના રોગને કારણે વ્યાપક અસર થયેલ છે. કરાર દ્વારા છંટકાવ કરનાર / ખેડુતો દ્વારા ભલામણ કરવામાં આવતા ફૂગનાશક દવાના છંટકાવ વખતે પૂરતી સાવચેતી રાખવી જોઇએ.
- ડાંગરની લણણીના તબક્કે કોઈ વાતાવરણીય વરસાદની સ્થિતિમાં, બીજ અંકુરણને રોકવા માટે 5% મીઠાના દ્રાવણનો છંટકાવ કરવો
- બાગાયતી પાકોમાં ફળ બેસવાના સમયે, દા. ત. કેરી, પોષક તત્ત્વોના સ્પ્રે અને પાક સંરક્ષણને લગતી ખેત કામગીરી હાથ ધરવામાં આવે ત્યારે ઇનપુટ્સના મિશ્રણ અને વપરાશ વખતે તથા  વપરાશમાં લેવાતા ઉપકરણો ધોવા માટે પૂરતી સાવચેતી લેવી.
- ઉનાળુ કઠોળમાં, પીળા મોઝેક વાયરસના રોગને રોકવા માટે સફેદમાખીના વ્યવસ્થાપન સહિત સલામતીનાં યોગ્ય પગલાં લેવા.